# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ

રજી. અને કોર્પોરેટ ઓફિસ, નાના મવા મેઇન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ – ૩૬૦ ૦૦૪
CIN: U40102GJ2003SGC042908;
ફોન નંબર : (૦૨૮૧) ૨૩૮૦૪૨૫, ૨૩૮૦૪૨૭; ફેક્સ : ૨૩૮૦૪૨૮;
ઈ-મેલ : forum.pgvcl@gebmail.com; વેબસાઈટ : www.pgvcl.com


પીજીવીસીએલ/સીજીઆરએફ/૦૬/ક્વા-૦૪/૨૦૨૨-૨૩/ ૧૧૪૭-3 તારીખ : ૦૪ - ૦૩ - ૨૦૨૩

<u>રજી. એડી. પત્ર</u>

પ્રતિ,
શ્રી મહેન્દ્રસિંહ એમ. જાડેજા
૬૬, સિલ્વર એવન્યુ સોસાયટી, સત્યસાંઈ માર્ગ, કાલાવાડ રોડ,
મું. પો. : રાજકોટ, તા. : રાજકોટ, જી. : રાજકોટ,
પીન કોડ. : ૩૬૦૦૦૫
મોબાઈલ : ૯૮૨૪૩૩૪૪૨૨

વિષય : ફાસ્ટ મીટરની ફરિયાદ બાબતે.

સંદર્ભ: આપશ્રીની રજુઆત તા. નીલ.
( અત્રેના ફોરમની નોંધણી નંબર : ૦૬/ક્વા-૦૪/૨૦૨૨-૨૩ )

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

( સી. જે. ગજેરા )
કા.વા. કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લી., રાજકોટ

બિડાણ : ઉપર મુજબ.

નકલ સાદર રવાના :

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, રાજકોટ શહેર.

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વિભાગીય કચેરી, રાજકોટ શહેર-૨.
સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૯ ની વિનિયમ નં.- ૨.૫૪ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

(3) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, લક્ષ્મીનગર રાજકોટ શહેર.

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,રાજકોટ

પી.જી.વી.સી.એલ. રજી. અને કોર્પોરેટ કચેરી, લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**

**e-mail:forum.pgvcl@gebmail.com**

**પી.જી.વી.સી.એલ./સીજીઆરએફ/૦૬/ક્વા-૪/૨૨-૨૩/** 1147-3 **તા.** 04-03-2023

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, રાજકોટ સમક્ષ નોંધાયેલ ફરિયાદ.

નોંધણી નંબર -૦૬/ક્વા-૪/૨૨-૨૩, તા.૧૬-૦૧-૨૦૨૩

અરજદાર : શ્રી મહેન્દ્રસિંહ એમ. જાડેજા, ગામ: રાજકોટ

રજૂઆત કરનાર : અરજદારના પ્રતિનિધિ તરીકે અનડકટ શીતલ જીલેશભાઈ અને તેમની સાથે જોબનપુત્રા દિવ્ય અજયભાઈ

## :: વિરુધ્ધ ::

સામાવાળા : કાર્યક્ષેત્ર : પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી – રાજકોટ શહેર -૨

રજૂઆત કરનાર : શ્રી એચ.એમ.ભોજાણી, કાર્યપાલક ઈજનેર અને તેમની સાથે શ્રી જી. એમ. ગોહેલ નાયબ અધીક્ષક, પી.જી.વી.સી.એલ., વિભાગીય કચેરી, રાજકોટ શહેર-૨

## ::કોરમ::

૧) ચેરપર્સન - શ્રી એન.સી. મકવાણા

૨) સભ્ય (ટેકનીકલ) - શ્રી એન. જી. કારિયા

3) સભ્ય (સ્વતંત્ર) - શ્રીમતી નીતીનાબેન એચ. જોષી

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

સુનાવણી સ્થળ : કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, શહેર વર્તુળ કચેરી, રાજકોટ

તારીખ : ૦3.૦૨.૨૦૨3 (શુક્રવાર)

૧.૦ સદર કેસની સુનાવણી તા.૦3.૦૨.૨૦૨3 (શુક્રવાર) ના રોજ રાખવામાં આવેલ હતી, જેમાં ઉપર મુજબના પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદાર શ્રી મહેન્દ્રસિંહ એમ. જાડેજા ગ્રાહક નં.૮૭૬૦૨/૦૭૭૮૨/3 થી ઘરવપરાશનું વીજજોડાણ ધરાવે છે. વીજકંપની દ્વારા સદર જોડાણનું મીટર તા.૦૬.૦૫.૨૦૨૨ ના રોજ બદલીને નવું મીટર મૂકવામાં આવેલ, મીટર બદલ્યા બાદ અતિશય વધારે વીજબીલ આવતા ફરિયાદ સંલગ્ન પેટાવિભાગ ખાતે કરેલ હતી, જે અન્વયે કંપની દ્વારા તા.૨૪.૦૮.૨૦૨૨ના રોજ મીટર બદલેલ હતું અને તે અંગેનું રોજકામ કરેલ હતું. સદર પેપરપેક કરેલ મીટરની લેબોરેટરી ચકાસણી તા.૨૬.૦૮.૨૦૨૨ ના રોજ કરવામાં આવેલ હતી અને તેના MRI નો અભ્યાસ કરતા નીચે મુજબની બાબતો સ્પષ્ટ થાય છે.

(૧) ટેબલ - બીલીંગ પેરામીટર – MRI પેજ નંબર-૧

આ ટેબલનો અભ્યાસ કરતાં સ્પષ્ટ માલૂમ થાય છે કે, મેકસીમમ ડીમાન્ડ ૩.૧૨ KW થી ૩.૭૮ KW સુધીની રહેલ છે. આટલી મેકસીમમ ડિમાન્ડની ગણતરી ઘરવપરાશના લોડફેક્ટર સાથે કરીએતો પણ

રીપોર્ટના ટેબલ ડેઈલી એનર્જી કંઝપશન, પેઈજ નંબર-૧૯ થી ૨૨, માં દર્શાવેલ દરરોજના વીજ વપરાશના રેકોર્ડીંગ જેટલું થાય નહી. આમ મીટરનું રેકોર્ડીંગ ખામીયુક્ત અને શંકાસ્પદ છે.

(૨) ટેબલ - ટેમ્પર સમરી MRI નંબર-૧૬

આ ડેટા પરથી સાષ્ટ થાય છે કે, મીટર રીડીંગ અને ડેટા રેકોર્ડીંગ ખામીયુક્ત છે કારણકે, મીટર અમારા વીજજોડાણ પર લગાવવામાં આવ્યું તે પહેલા ટેમ્પર અકરન્સ તા.૦૬.૧૦.૨૦૨૧ અને ફર્સ્ટ રીકવરી તા.૦૬.૦૫.૨૦૨૨ છે. આમ મીટર લગાડ્યું તે પહેલાજ ટેમ્પર ડેટા યુક્ત હતું. વધુમાં આજ ટેબલમાં લાસ્ટ અકરન્સ તા.૨૬.૦૮.૨૦૨૨ અને લાસ્ટ રીકવરી તા.૦૬.૦૫.૨૦૨૨ એટલેકે ટેમ્પર ઈવેન્ટ થયા (તા.૨૬.૦૮.૨૦૨૨) પહેલા જ (તા.૬-૦૫-૨૦૨૨) ટેમ્પર, ઇવેન્ટ રીકવર થઇ. આમ આ ડેટા રેકોડીંગ તર્ક યુક્ત નથી અને ખામી ભરેલું છે.

(૩) ટેબલ પાવર ફેઇસ ઇવેન્ટ MRI પેજ નબર - ૧૭

આ ટેબલનો અભ્યાસ કરતાં સ્પષ્ટ થાય છે કે સી.નં.૧ માં પાવરઓફ તારીખ/સમય ૨૬.૦૮.૨૦૨૨ - ૧૦:૨૩:૩૭ અને પાવરઓન તારીખ/સમય ૨૬.૦૮.૨૦૨૨ - ૧૦:૨૪:૩૭ અને ડ્યુરેશન ૦૦૦:૦૦:૦૧ બતાવેલ છે જયારે આજ પ્રકારના સી.નં.-૩ થી સી.નં.-૧૮ અને સી.નં.-૨૦ ના ડેટામાં પાવરઓફ અને પાવરઓનના સમય વચ્ચે તફાવત હોવા છતા ડ્યુરેશનમાં ૦૦૦:૦૦:૦૦ બતાવેલ છે, જો કે સી.નં.૧૯ ના આ પ્રકારના ડેટામાં પાવરઓફ અને પાવરઓનના સમયનો તફાવત ડયુરેશનમાં ૦૦૦:૦૦:૦૫ બતાવેલ છે, આમ મીટરનું ડેટા રેકોર્ડીંગ ખામી યુક્ત અને શંકાસ્પદ છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

આમ ઉપરોક્ત ત્રણ બાબતોથી સ્પષ્ટ થાય છે કે, સદર મીટર ખામીયુક્ત છે અને તેના રેકોર્ડીંગના આધારે અરજદારને આપવામાં આવેલ વીજબીલ સુધારી આપવાપાત્ર છે. હાલની અથવા ભૂતકાળની વીજવપરાશની એવરેજ મુજબનું વીજબીલ બનાવી અને વધારાની રકમ હવે પછીના વીજબીલમાં મજરે આપવામાં આવે તેવી ફોરમ સમક્ષ ન્યાયિક રજૂઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ અરજદારની ફરિયાદ અન્વયે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા કરાયેલ લેખિત રજૂઆત શ્રી મહેન્દ્રસિંહ એમ. જાડેજા, ગ્રાહક નંબર ૮૭૬૦૨/૦૭૭૮૨/૨ થી લક્ષ્મીનગર પેટાવિભાગીય કચેરી હેઠળ વીજજોડાણ ધરાવે છે. અરજદારને વીજબીલ વધુ આવતા વીજ મીટર ફાસ્ટ હોઈ તેવી ફરિયાદ કરવામાં આવેલ છે જે અન્વયે હકીકત નીચે મુજબ છે.

૩.૧ અરજદારને માહે જુન-જુલાઈ-૨૦૨૨ નું વીજબીલ ૨૦૪૭ યુનિટ વપરાશનું રૂ.૧૮૪૬૪.૩૩ આવેલ જે વીજબીલ વધુ આવેલ હોઈ ગ્રાહક દ્વારા તા.૧૬/૦૮/૨૦૨૨ ના રોજ મીટર ચેક કરવા અંગે લક્ષ્મીનગર પેટાવિભાગીય કચેરી હેઠળ અરજી કરેલ, જે અનુસંધાને નિયત ફી ભરાવી ગ્રાહકનું વીજમીટર તા.૨૩/૦૮/૨૦૨૨ ના રોજ બદલાવેલ જે મીટર ૨૨૩૫ યુનિટથી ઉતારેલ છે અને તા.૨૬/૦૮/૨૦૨૨ ના રોજ લેબપરીક્ષણ કરેલ અને લેબરીપોર્ટમાં મીટર બરાબર આવેલ તેમજ વિશેષ નોંધમાં મીટર બરાબર છે તેમ નોંધાયેલ છે. સદર મીટરનો એમ.આર.આઈ લીધેલ છે અને તેમાં પણ મીટર બરાબર છે.

૩.૨ સદરકેસની સુનાવણી દરમ્યાન સામેવાળાને સવાલવાળા મીટરને મીટર મેન્યુફેકચર કંપનીમાં મોકલીને અભીપ્રાય લેવા સુચના આપેલ જે અન્વયે સામેવાળા દ્વારા તા.૦૭-૦૨-૨૦૨૩ ના રોજ મીટર મેન્યુફેકચર

કંપનીમાં સદર સિંગલ ફેઝ મીટર નં **PGST05105196** અભ્યાસ અર્થે મોકલાવેલ, જે અન્વયે કંપનીના ઈમેઈલ તા.૨૧-૦૨-૨૦૨૩ ના રોજ વિગતવાર અભિપ્રાય મોકલાવેલ છે.

## ::હુકમ::

૪.૦ અરજદારે કરેલ લેખિત તથા સામાવાળાની લેખિત તેમજ મૌખિક રજૂઆત અને રજુ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ દ્વારા નીચે મુજબનો નિર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદારશ્રી મહેન્દ્રસિંહ એમ. જાડેજા ગ્રાહક નં. ૮૭૬૦૨/૦૭૭૮૨/3 થી ઘરવપરાશનું વીજજોડાણ ધરાવે છે. અરજદારને અપાયેલ માહે જુન-જુલાઈ-૨૦૨૨ નું ૨૦૪૭ યુનીટનું રૂ.૧૮૪૬૪.૩૩ ના બીલ અન્વયે ગ્રાહક દ્વારા તા.૧૬.૦૮.૨૦૨૨ ના રોજ મીટરનો એમ.આર.આઈ. અહેવાલ લઈને તપાસ કરી આપવા રજૂઆત કરેલ

૪.૨ ઉપરોક્ત બાબતે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા તા.૨૩.૦૮.૨૦૨૨ ના રોજ મીટર રિપ્લેસમેન્ટ રોજકામ શીટ નં – **RCC 819551** થી મીટર બદલાવેલ જેની વિગત નીચે મુજબ છે. (ટેબલ-૧)

| Particulars | Old Meter Dt.23.08.2022 | New Meter Dt.23.08.2022 | Old Meter-As per MT Lab Dt.26.08.2022 |
|---|---|---|---|
| Make | LINKWELL | HE | LINKWELL |
| Meter No | PGST 05105196 | PGST 05172704 | PGST 05105196 |
| Capacity | 05- 30A | 05- 30A | 05- 30A |
| C. Reading | 2235 | 2 | 2235 |
| Remarks | Connected Load 2720 Watt | | MRI taken and Meter found ok |

સવાલવાળા મીટરની મીટર ટેસ્ટીંગ લેબોરેટરીમાં તા.૨૬.૦૮.૨૦૨૨ ના રોજ કરાયેલ ચકાસણી મુજબ લેબ રીપોર્ટમાં મીટર બરાબર છે તેમજ એમ.આર.આઈ. લીધેલ છે.

૪.3 પીજીવીસીએલ પક્ષકાર દ્વારા અરજદારના સદર વીજજોડાણમાં કરાયેલ વીજવપરાશની વિગત દર્શાવતી પી.આર.ટી.-૧૪૫ ફોરમ સમક્ષ રજુ કરેલ છે, જેની વિગત નીચે મુજબ છે. (ટેબલ-૨)

| Month/ Year | 2020 | | | 2021 | | | | 2022 | | | | 2023 | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | C.R. | S | unit | Billing Dt. | CR | S | unit | Billing Dt. | C.R. | S | unit | Billing Dt. | CR | S | unit |
| Dec,Jan | 23202 | | 236 | 26-01-21 | 28237 | | 230 | 04-02-22 | 31770 | | 294 | 07-02-23 | 1131 | | 236 |
| Feb, Mar | 23202 | N | 470 | 04-04-21 | 28917 | | 680 | 05-04-22 | 32146 | | 376 | | | | |
| Apr,May | 25555 | | 2353 | 02-06-21 | 29092 | | 175 | 17-06-22 | 1 | C- (Dt:06-05-22) 32828 (Old) 1 (New) | 682 | | | | |
| Jun,Jul | 26509 | | 954 | 03-08-21 | 30276 | | 1184 | 06-08-22 | 2048 | | 2047 | | | | |
| Aug,Sep | 27393 | | 884 | 06-10-21 | 30954 | | 678 | 06-10-22 | 415 | C - Dt:23-08-22) 2235 (Old) 2 (New) | 600 | | | | |
| Oct, Nov | 28007 | | 614 | 05-12-21 | 31476 | | 522 | 09-12-22 | 895 | | 480 | | | | |

૪.૪ અરજદારની ફરિયાદ અન્વયે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા મીટર સીરીયલ નં – **PGST05105196** નો એમ.આર.આઈ. અહેવાલ મીટર ટેસ્ટીંગ લેબોરેટરી દ્વારા તા.૨૬.૦૮.૨૦૨૨ ના રોજ લીધેલ છે, તે મુજબની વિગતો નીચે મુજબ છે.

(ટેબલ-3)

| Meter Diagnostics | |
|---|---|
| Description | Status |
| RTC Battery Status | ok |
| NVM | ok |
| RTC Status | ok |

(ટેબલ-૪)

| Billing Parameters, Meter Sr. No. – PGST05105196<br>Meter Install Date : 06-05-2022 & Meter Remove Date: 23-08-2022 | | | | | | |
|---|---|---|---|---|---|---|
| Records | Cumm. Energy (KWh) | MD | | | Bill Date & Time | |
| | | KW | Date | Time | Date | Time |
| Current | 2235.95 | 03.34 | 12-08-2022 | 22:00 | | |
| History 1 | 1985.15 | 03.12 | 24-07-2022 | 23.30 | 01-08-2022 | 00.00 |
| History 2 | 1652.92 | 03.78 | 08-06-2022 | 16:00 | 01-07-2022 | 00.00 |
| History 3 | 759.94 | 03.47 | 14-05-2022 | 23:00 | 01-06-2022 | 00.00 |
| History 4 | 01.15 | 01:19 | 17-12-2021 | 09:30 | 01-01-2022 | 00.00 |
| History 5 | 00.55 | 00.71 | 06-10-2021 | 17:30 | 01-11-2021 | 00.00 |
| History 6 | 00.01 | 00.02 | 11-06-2021 | 00.30 | 01-07-2021 | 00.00 |
| History 7 | 00.00 | 00.00 | - | - | - | - |
| History 8 | 00.00 | 00.00 | - | - | - | - |
| History 9 | 00.00 | 00.00 | - | - | - | - |
| History 10 | 00.00 | 00.00 | - | - | - | - |
| History 11 | 00.00 | 00.00 | - | - | - | - |
| History 12 | 00.00 | 00.00 | - | - | - | - |

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

(ટેબલ-૫)

| Tamper Summary | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| **Sr. No.** | **Events** | **Tamper Duration** | **Tamper Count** | **First Occurrence** | | **First Recovery** | | **Last Occurrence** | | **Last Recovery** | |
| | | | | **Date** | **Time** | **Date** | **Time** | **Date** | **Time** | **Date** | **Time** |
| **1** | **Neutral Miss** | **00d 00h 35m 54s** | **2** | **02-08-2022** | **15:06:36** | **02-08-2022** | **15:15:21** | **02-08-2022** | **15:30:11** | **02-08-2022** | **15:57:21** |
| **2** | **Current Reversal** | --- | --- | --- | --- | --- | --- | --- | --- | --- | --- |
| **3** | **Earth Fault** | **211d 17h 58m 10s** | **2** | **06-10-2021** | **16:54:29** | **06-05-2022** | **10:52:40** | **26-08-2022** | **10:22:28** | **06-05-2022** | **10:52:40** |
| **4** | **Top Cover Open** | --- | --- | --- | --- | --- | --- | --- | --- | --- | --- |
| **5** | **Magnetic Influence** | --- | --- | --- | --- | --- | --- | --- | --- | --- | --- |
| **6** | **Neutral Disturbance** | --- | --- | --- | --- | --- | --- | --- | --- | --- | --- |

૪.૫ સદરકેસની સુનાવણી દરમ્યાન સામેવાળાને સવાલવાળા મીટરને મીટર મેન્યુફેકચર કંપનીમાં મોકલીને અભીપ્રાય લેવા સુચના આપેલ જે અન્વયે સામેવાળા દ્વારા તા.૦૭-૦૨-૨૦૨૩ ના રોજ મીટર મેન્યુફેકચર કંપનીમાં સદર સિંગલ ફેઝ મીટર નં **PGST05105196** અભ્યાસ અર્થે મોકલાવેલ, જે અન્વયે કંપનીના ઈમેઈલ તા.૨૧-૦૨-૨૦૨૩ ના રોજ વિગતવાર અભિપ્રાય મોકલાવેલ છે, જે નીચે મુજબ નોંધાયેલ છે.

"Analysis:
1) On physical verification, no damage was found on meter.
2) No abnormality was found in the data recorded by the meter.
3) Earth event logged on 06-10-2021 at 16:54:29 To 06-05-2022 at 10:52:40 and 26-08-2022 at 10:22:28."

૪.૬ ઉપરોક્ત મુદ્દા નં ૪.૪ અને ૪.૫ મુજબની વિગતેનો અભ્યાસ કરતા સ્પષ્ટ થાય છે કે અરજદારનું સવાલવાળું મીટર તા.૦૬.૦૫.૨૦૨૨ ના રોજ મુકેલ હતું ત્યારબાદ અરજદારની મીટર ફાસ્ટની ફરિયાદ

અન્વયે તા.૨૩.૦૮.૨૦૨૨ ના રોજ સદર મીટર બદલાવેલ છે જેના લેબ રીપોર્ટ મુજબ મીટર બરાબર છે.

અરજદારના વીજવપરાશનો અભ્યાસ કરતા સ્પષ્ટ થાય છે કે મીટર બદલ્યા તા.૦૬-૦૫-૨૦૨૨ થી મીટરરીડર દ્વારા અપાયેલ વીજબીલ તા.૧૭-૦૬-૨૦૨૨ ના રોજ નવા મીટરમાં ૦૧ યુનીટ નોંધાયેલ હોય, તે મુજબનું વીજબીલ અપાયેલ છે. જ્યારે મીટરના એમ.આર.આઈ. અહેવાલનો અભ્યાસ કરતા તા.૧૭.૦૬.૨૦૨૨ ના રોજ ૧૨૬૫.૬૨ KWh નોંધાયેલ છે, જે મીટર રીડરની બેદરકારી દર્શાવે છે. આમ, મીટરરીડર દ્વારા તા.૧૭-૦૬-૨૦૨૨ ના રોજ મીટરમાં નોંધાયેલ યુનીટ મુજબ વીજબીલ અપાયેલ હોત તો મોટી રકમનું બીલ બનવા ન પામત, તેમજ સમયસર ફરિયાદ અરજદાર દ્વારા નોંધણી કરાવી શકાયેલ હોત.

૪.૭ અરજદારના સવાલવાળા મીટરના એમ.આર.આઈ. અહેવાલના ડેઈલી વીજવપરાશની વિગતોનો અભ્યાસ કરતા સ્પષ્ટ થાય છે કે તા.૦૬.૦૫.૨૦૨૨ થી તા.૨૩.૦૮.૨૦૨૨ દરમ્યાન નોંધાયેલ વીજવપરાશ નીચે મુજબ છે. (ટેબલ-૬)

| Date | U | Date | U | Date | U | Date | U | Date | U | Date | U | Date | U | Date | U |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 01-5-22 | - | 16-5-22 | 26 | 01-6-22 | 33 | 16-6-22 | 32 | 01-7-22 | 15 | 16-7-22 | 8 | 01-8-22 | 15 | 17-8-22 | 9 |
| 02-5-22 | - | 17-5-22 | 30 | 02-6-22 | 34 | 17-6-22 | 24 | 02-7-22 | 18 | 17-7-22 | 9 | 02-8-22 | 13 | 18-8-22 | 10 |
| 03-5-22 | - | 18-5-22 | 30 | 03-6-22 | 28 | 18-6-22 | 26 | 03-7-22 | 18 | 18-7-22 | 10 | 03-8-22 | 10 | 19-8-22 | 9 |
| 04-5-22 | - | 19-5-22 | 29 | 04-6-22 | 24 | 19-6-22 | 25 | 04-7-22 | 17 | 19-7-22 | 10 | 04-8-22 | 8 | 20-8-22 | 11 |
| 5-5-22 | - | 20-5-22 | 29 | 05-6-22 | 47 | 20-6-22 | 27 | 05-7-22 | 19 | 20-7-22 | 9 | 05-8-22 | 12 | 21-8-22 | 10 |
| 06-5-22 | 10 | 21-5-22 | 34 | 6-6-22 | 28 | 21-6-22 | 28 | 06-7-22 | 16 | 21-7-22 | 8 | 06-8-22 | 11 | 22-8-22 | 9 |
| 07-5-22 | 29 | 22-5-22 | 31 | 07-6-22 | 31 | 22-6-22 | 26 | 7-7-22 | 16 | 22-7-22 | 8 | 07-8-22 | 13 | 23-8-22 | 5 |
| 08-5-22 | 26 | 23-5-22 | 36 | 08-6-22 | 41 | 23-6-22 | 31 | 08-7-22 | 12 | 23-7-22 | 9 | 8-8-22 | 14 | | |
| 09-5-22 | 26 | 24-5-22 | 36 | 09-6-22 | 31 | 24-6-22 | 29 | 09-7-22 | 12 | 24-7-22 | 8 | 09-8-22 | 12 | | |
| 10-5-22 | 29 | 25-5-22 | 26 | 10-6-22 | 33 | 25-6-22 | 32 | 10-7-22 | 11 | 25-7-22 | 6 | 10-8-22 | 10 | | |
| 11-5-22 | 31 | 26-5-22 | 32 | 11-6-22 | 32 | 26-6-22 | 32 | 11-7-22 | 9 | 26-7-22 | 9 | 11-8-22 | 13 | | |
| 12-5-22 | 24 | 27-5-22 | 30 | 12-6-22 | 32 | 27-6-22 | 28 | 12-7-22 | 7 | 27-7-22 | 10 | 12-8-22 | 18 | Note: U=Unit | |
| 13-5-22 | 28 | 28-5-22 | 28 | 13-6-22 | 39 | 28-6-22 | 26 | 13-7-22 | 9 | 28-7-22 | 6 | 13-8-22 | 10 | | |
| 14-5-22 | 36 | 29-5-22 | 29 | 14-6-22 | 22 | 29-6-22 | 26 | 14-7-22 | 8 | 29-7-22 | 10 | 14-8-22 | 11 | | |
| 15-5-22 | 36 | 30-5-22 | 29 | 15-6-22 | 20 | 30-6-22 | 27 | 15-7-22 | 10 | 30-7-22 | 8 | 15-8-22 | 10 | | |
| | | 31-5-22 | 28 | | | | | | | 31-7-22 | 9 | 16-8-22 | 11 | | |

૪.૮ પીજીવીસીએલ પક્ષકાર દ્વારા તા.૨૩.૦૮.૨૦૨૨ ના રોજ અરજદારના પ્રતિનિધિની હાજરીમાં મીટર બદલાવેલ છે, તે શીટમાં નીચે મુજબના વીજ ઉપકરણો જોડેલ છે.

ટ્યુબ લાઈટ =૪, ફેન = ૦૪, ફ્રીઝ=૦૧, ટીવી=૧, પાણીની મોટર=૦૧, એસી.=૦૧ એમ કુલ ૨૭૨૦ વોટનો વીજલોડ જોડેલ છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

ઉપરોક્ત બાબતે મીટરના અહેવાલ મુજબ મીટર બદલ્યા બાદ તા.૧૪.૦૫.૨૦૨૨ ના રોજ ૩.૪૭ KW, તા.૦૮.૦૬.૨૦૨૨ ના રોજ ૩.૮૦ KW, તા.૨૪.૦૭.૨૦૨૨ ના રોજ ૩.૧૭ KW અને તા.૧૨.૦૮.૨૦૨૨ ના રોજ ૩.૩૪ KW મહતમ ડિમાન્ડ નોંધાયેલ છે.

૪.૯ અરજદારની લેખિત રજૂઆત મુદ્દા નં-(૧) માં જોડેલ વીજઉપકરણો જેટલા સમય માટે કાર્યરત હોય તેટલો વીજવપરાશ મીટરમાં નોંધાયેલ છે, જે રેકોર્ડીંગ બરાબર છે. વધુમાં લેખિત રજૂઆત મુદ્દા નં-(૨) ટેમ્પર સમરીનો અભ્યાસ કરતા સદર મીટર સ્થળ પર લગાવેલ તે સમય એટલેકે તા.૦૬.૦૫.૨૦૨૨ થી તા.૨૩.૦૮.૨૦૨૨ ના રોજ મીટર ઉતારેલ તે દરમ્યાન કોઈ ટેમ્પર ઇવેન્ટ સતત ચાલુ રહેલ હોય તેવું

જણાતું નથી. તેમજ અરજદારની લેખિત રજૂઆત મુદ્દા નં (3) પાવર ફેઈલ ઇવેન્ટમાં પાવર ઓન અને પાવર ઓફના સમય વચ્ચે તફાવત હોવા છતાં, ડ્યુરેશનમાં વિસંગતતા જોવા મળેલ છે જે ખરેખર સદર ડ્યુરેશન Power Off (dd-mm-7777 hh:mm:ss) અને Power On (dd-mm-yyyy hh:mm:ss) મુજબ ડેટા આવેલ છે, જ્યારે Duration માં માત્ર (dd:hh:mm) નો ડેટા આવેલ છે, જેમાં "ss" વિભાગનો ડ્યુરેશન બતાવેલ ન હોવાથી, રેકર્ડ થયેલ ડેટા બરાબર છે.

ફોરમ દ્વારા તા.૨૩.૦૨.૨૦૨૩ થી લક્ષ્મીનગર પેટાવિભાગીય કચેરીને તેમના ગ્રાહકશ્રી મહેન્દ્રસિંહ એમ. જાડેજાના વીજ ગ્રાહકનં - ૮૭૬૦૨/૦૭૭૮૨/૨ ના સવાલવાળા મીટરના એમ.આર.આઈ. અહેવાલમાં મીટર લગાડ્યા પહેલા અને મીટર સ્થળ પરથી ઉતાર્યા પછીના સમયગાળામાં આવેલ અર્થ ફોલ્ટ બાબતે જરૂરી ટીપ્પણી લેબ માંથી મેળવવા માટે સુચના આપેલ હતી.

ઉપરોક્ત અપાયેલ સુચના અન્વયે જુનીયર ઈજનેર, એમ.ટી. લેબ, પીજીવીસીએલ, રાજકોટ શહેર વિભાગીય કચેરી નં-૨ તરફથી નાયબ ઈજનેર, પીજીવીસીએલ, લક્ષ્મીનગર પેટાવિભાગીય કચેરી રાજકોટને તા.૨૮-૦૨-૨૦૨૩ થી નીચે મુજબ લીંકવેલ 1 Ph. મીટર ટેસ્ટીંગના અભિપ્રાય બાબતે નીચે મુજબ પત્ર લખેલ છે.

"મીટર ટેસ્ટિંગ લેબોરેટરીમાં સિંગલ ફેજ મીટર એસેમ્બલ ટેસ્ટીંગ બેંચ પર ટેસ્ટ કરવામાં આવે છે ત્યારે તેમાં એક ન્યુટ્રલ વાયર આપવામાં આવે છે ટેસ્ટિંગ બેન્ચમાં ફેંટલ લોડિંગ મુજબ વાયરીંગ કરવામાં આવતું હોય મીટરને ટેસ્ટ કરવામાં આવે ત્યારે ડિસ્પ્લેમાં અર્થનો સિમ્બોલ આવે છે અને મીટરના એમઆરઆઇ માં ટેમ્પર સમરીમાં અર્થ ફોલ્ટ Occurrence ની તારીખ સમય આવે છે આની રિકવરી જયારે મીટર સાઈડ પર લગાડે ત્યારે થાય છે ત્યાં સુધીનું ટેમ્પર ડયુરેશન બતાવે છે.

(૧) મીટર Sr. No. – 05105196 લેબમાં છેલ્લે તા.૨૬.૦૮.૨૦૨૨ ના રોજ ટેસ્ટ થયેલ (૨) મીટર સીરીયલ નંબર 04801932 લેબમાં તા.૧૫.૦૨.૨૦૨૩ ના રોજ ટેસ્ટ કરી એમ.આર.આઈ. લીધેલ છે. (૩) મીટર સીરીયલ નંબર 04797270 લેબમાં તા.૨૩.૧૧.૨૦૨૨ ના રોજ ટેસ્ટ કરી એમ.આર.આઈ. લીધેલ, બધાના ટેમ્પર સમરીમાં ટેમ્પર ડ્યુરેશન બતાવે છે.

આમ અર્થફોલ્ટ Occurrence અને રીક્વરી થવાથી મીટરના Kwh રીડીંગ માં કોઈ ફેર પડતો નથી."

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

૪.૧૦ સદર કેસમાં અરજદારની રજૂઆત અન્વયે ઉપરોક્ત વિગતોનો અભ્યાસ કરતા સ્પષ્ટ થાય છે કે ઉપરોક્ત મુદ્દા નં ૪.૨, ૪.૪, ૪.૫ અને ૪.૯ મુજબ સવાલવાળા મીટરના લેબ રીપોર્ટ અને કંપનીના અભિપ્રાય મુજબ મીટરમાં કોઈ ખામી જણાયેલ નથી.

૪.૧૧ ઉપરોક્ત મુદ્દા નં ૪.૬ મુજબ મીટરરીડર દ્વારા તા.૧૭.૦૬.૨૦૨૨ ના રોજ એમ.આર.આઈ. અહેવાલ પ્રમાણે સવાલવાળા મીટરમાં હાલના રીડીંગ ૧૨૬૫.૬૨ નોંધાયેલ હતા. નવા મીટરના હાલના ૦૧ રીડીંગ ગણીને બીલ અપાયેલ છે, આમ મીટરરીડર દ્વારા મીટરમાં નોંધાયેલ વીજયુનીટ મુજબ બીલ અપાયેલ નથી, જે મીટર રીડરની ગંભીર બેદરકારી ધ્યાને આવેલ છે, જેથી કંપનીના નિયમ મુજબ જવાબદાર મીટરરીડર સામે કાર્યવાહી કરવી, અને તેના રીપોર્ટની જાણકારી દિવસ-૧૫ માં ફોરમને કરવાની રહેશે.

૪.૧૨ ઉપરોક્ત મુદ્દા નં ૪.૧૧ ને ધ્યાને લેતા મીટરરીડર દ્વારા સવાલવાળા મીટરમાં નોંધાયેલ રીડીંગ મુજબ વીજબીલ અપાયેલ નથી, જેથી વીજબીલ માહે એપ્રિલ-મે-૨૦૨૨ અને માહે જુન-જુલાઈ-૨૦૨૨ નું વીજબીલ એમ.આર.આઈ. અહેવાલમાં નોંધાયેલ રીડીંગ પ્રમાણે નીચે મુજબ, લાગુ પડતા ચાર્જીસને ધ્યાને લઇને રીવાઈઝ કરવા પીજીવીસીએલ પક્ષકારને સુચના આપવામાં આવે છે.

(ટેબલ-૭)

| Billing Month | Billed | | | To be Billed | | |
|---|---|---|---|---|---|---|
| | Current Reading (Kwh) | Past Reading (Kwh) | Consumption (Kwh) | Current Reading (Kwh) | Past Reading (Kwh) | Consumption (Kwh) |
| APR-MAY-2022 | 1 (New) 32828 (Old) | 1 (New) 32146 (Old) | 682 | 1265 (New) 32828 (Old) | 1 (New) 32146 (Old) | 1946 |
| JUN-JUL-2022 | 2048 | 1 | 2047 | 2048 | 1265 | 783 |

૪.૧૩ ઉપરોક્ત મુદ્દા નં ૪.૧૧ અને ૪.૧૨ મુજબની વિગતે હુકમ કરવામાં આવે છે, આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

(એન.એચ.જોષી)
સભ્ય (સ્વતંત્ર)

(એન.જી.કારીયા)
સભ્ય (ટેકનીકલ)

(એન.સી.મકવાણા)
ચેરપર્સન

નોંધ: અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિવસ-૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ રજૂઆત કરવા માટે ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૯ જાહેરનામા નં.૨/૨૦૧૯ ની કલમ ૩.૧૯ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે અને કલમ ૩.૧૯ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. લોકપાલશ્રીની કચેરીનું સરનામું: જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, કનક રોડ, ત્રિકોણ બાગ, રાજકોટ – ૩૬૦૦૦૧.